અપીલ અરજી નં.૩૬૬ તા.૨૫–૨ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ શ્રી ફેમીદાબાનુ અબ્દુલ રસીદખાન સાબ્રીન
સામાવાળાઃ– ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો)અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ફેમીદાબાનુ અબ્દુલ રસીદખાન સાબ્રીન તા.૪–૧–૨૦૧૧ની અરજી થી મુદ્દા નં.(૧) સુરત મહાનગરપાલિકા સંચાલિત લખપતિ મેટરનીટીહોમ નાણાવટમાં તા.૧૯–૧–૧૯૭૮ ના રોજ જન્મેલ બાળકોની સંખ્યા અને તેઓના મા બાપના નામ તેમજ સરનામાની માહિતી. (૨) સુરત મહાનગરપાલિકાના જન્મ મરણ ખાતાના દફતરે નોંધણી ક્રમાંક–૧૧૦૦ તા.૨૧–૧–૭૮ થી નોંધાયેલ એન્ટ્રીમાં બાળકનું નામ તેમજ માતા પિતાના નામો અને સરનામાની વિગતો આપશો અને છેલ્લે તેમને કયારે, કઈ તારીખે જન્મ પ્રમાણપત્ર આપેલ હતું વિગરે મુદ્દા નં.૧ થી ૧૪ ની માહિતી આપવા બાબત.
સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૨૫–૨–૧૧ ની **SMC/FAP/** નં.૩૬૬/૨૦૧૦–૧૧.

શ્રી ફેમીદાબાનુ અબ્દુલ રસીદખાન સાબ્રીન તા.૪–૧–૨૦૧૧ની અરજી થી મુદ્દા નં.(૧) સુરત મહાનગરપાલિકા સંચાલિત લખપતિ મેટરનીટીહોમ નાણાવટમાં તા.૧૯–૧–૧૯૭૮ ના રોજ જન્મેલ બાળકોની સંખ્યા અને તેઓના મા બાપના નામ તેમજ સરનામાની માહિતી. (૨) સુરત મહાનગરપાલિકાના જન્મ મરણ દફતરે નોંધણી ક્રમાંક–૧૧૦૦ તા.૨૧–૧–૭૮ થી નોંધાયેલ એન્ટ્રીમાં બાળકનું નામ તેમજ માતા પિતાના નામો અને સરનામાની વિગતો આપશો અને છેલ્લે તેમને કયારે, કઈ તારીખે જન્મ પ્રમાણપત્ર આપેલ હતું વિગરે મુદ્દા નં.૧ થી ૧૪ ની માહિતી આપવા બાબતે ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.પીએચડી/એમઆર/૫૯૫ તા.૧–૨–૧૧ થી આપેલ માહિતી અધૂરી અને ગેરમાર્ગે દોરનારી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૫–૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દાઓ અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે મુદ્દા નં.૩ ની વિગતે નોંધણી પ્રમાણપત્ર માંગ્યા બાદ ખાતાએ "ના" નો કોઈ જવાબ કે પ્રક્રિયા થયેલ કે કેમ? પ્રમાણપત્ર માંગણી અનુસાર અપાયેલ છે કે માંગણી વિના તે પણ સ્પષ્ટતા કરવા પત્ર નં.આરટીઆઈ સેલ / ૧૩૭૯ તા.૭–૩–૧૧ થી ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો)અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અપીલ અરજીમાં મુદ્દા ન.૩ અંગે નોંધણી પ્રમાણપત્ર માંગણી બાદ તે જોઈતું નથી તેવી કોઈ અરજી કે પત્ર આપેલ કે કેમ? જો આપેલ હોય તો તેની નકલ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.પીએચડી/એમઆર/૭૧૪ તા.૧૬–૩–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.પીએચડી/એમઆર/૫૯૫ તા.૧–૨–૧૧ ના પત્રની નકલ, નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/જાવક/૧૪૧૮ તા.૧૧–૧–૧૧ ના તબદીલ પત્રની નકલ, અરજદારે તા.૧૫–૧૨–૧૦ ના રોજ ગુજરાતી નકલ મેળવવા અંગે ભરેલ ફોર્મ નં.૧૦૭૫૩ની નકલ, નકલ મેળવવા ભરેલ ફી રૂા.૪૫/– અંગેનો સ્ક્રોલ નં.૩૦૦/૩૧ તા.૧૮–૧૨–૧૦ ની નકલ, અરજદારને મોકલેલ જવાબ પીએચડી/એમઆર/૫૯૫ તા.૧–૨–૧૧ ના પત્રની નકલ તથા આરપીએડી સ્લીપની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી પૂરક વિગતોમાં કોઈ રજૂઆત થયેલ નથી.

અરજદારની તા.૪–૧–૧૧ ની અરજીથી અરજદારે તા.૧૮–૧૨–૧૦ ના રોજ જન્મ મરણ પ્રમાણપત્ર મેળવવા માટે કરેલ અરજીના સંદર્ભે મુદ્દા નં.૧ થી ૧૪ ની અરજદારે જન્મ મરણ ખાતાની કામગીરી અંગે માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/જાવક/૧૪૧૮ તા.૧૧–૧–૧૧ થી ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારીને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી પત્ર નં.પીએચડી/એમઆર/૫૯૫ તા.૧–૨–૧૧ થી મુદ્દા નં.૧ થી ૧૪ ની માહિતી આપવામાં આવેલ. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા નિર્ણય પીએચડી/એમઆર/૫૯૫ તા.૧–૨–૧૧ ના પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૫–૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં.(૧) સુરત મહાનગરપાલિકા સંચાલિત લખપતિ મેટરનીટીહોમ નાણાવટમાં તા.૧૯–૧–૧૯૭૮ ના રોજ જન્મેલ બાળકોની સંખ્યા અને તેઓના મા બાપના નામ તેમજ સરનામાની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગવામાં આવેલી માહિતી નિયમ મુજબ આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદાર અપીલમાં કયા નિયમ હેઠળ અને તેમાં કયા હિતો જોખમાય છે તેની માહિતીની સ્પષ્ટતા કરેલ નથી. જે બાબતે અરજદારને કયા નિયમ હેઠળ માહિતી આપી શકાય નહીં તે અંગે જન્મ નોંધણીના નિયમો કે અન્ય કોઈ નિયમો હોય તો તે જણાવવા રહે. તેવી રજૂઆત કરેલ છે. આરટીઆઈ કાયદાની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ ઈન્કાર માટે પ્રસ્તુત કેસમાં જાહેર માહિતી અધિકારીએ કોઈ કારણ જણાવેલ નથી. અત્રે એ પણ સૂચક છે કે મહાનગરપાલિકા સ્વયં જાહેર કરવા યોગ્ય કે કિયોસ્ક પર આ પ્રકારની જાહેર સ્ત્રોત હેઠળ મુકેલ છે કે કેમ? તે ચકાસવું રહે. જે સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં અને નાગરિક અધિકાર પત્ર હેઠળની બાબત ગણાય તેથી તે અંગે જાહેર માહિતી અધિકારીએ પુનઃ ચકાચી દફતરી હકીકત જણાવવાની રહે. (૨) સુરત મહાનગરપાલિકાના જન્મ મરણ દફતરે નોંધણી ક્રમાંક–૧૧૦૦ તા.૨૧–૧–૭૮ થી નોંધાયેલ એન્ટ્રીમાં બાળકનું નામ તેમજ માતા પિતાના નામો અને સરનામાની વિગતો આપશો અને છેલ્લે તેમને કયારે, કઈ તારીખે જન્મ પ્રમાણપત્ર આપેલ હતું તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી બાળકનું નામ–ફેમીદાબાનુ, પિતાનું નામ– અબ્દુ રસીદખાન દીલદારખાન, માતાનું નામ–મયમુનાબીબી સરનામું– હૈદરપુરા, દીલ્લીગેટ, સ્ટેશન રોડ, સુરતની માહિતી આપેલ છે. (૩) અગાઉ અમોએ

તા.૧૮–૧૨–૧૦ ના રોજ જન્મ મરણ પ્રમાણપત્ર મેળવવા નિયત નમુના ફોર્મમાં અરજી કરેલી. તે અનુસંધાને તમારા ખાતાએ તેની નોંધણી ન હોવાની ચકાસણી કઈ તારીખે કરેલી અને કયા કર્મચારીએ કરેલી તેની માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જન્મ પ્રમાણપત્ર તૈયાર કરવામાં આવેલ હોય જે મેળવી લેવું. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે ખાતાએ નોંધણી ન હોવાની ચકાસણી કઈ તારીખે અને કયા કર્મચારીએ કરેલી તેની માહિતી છુપાવી છે જે સુરત મહાનગરપાલિકના પારદર્શક વહીવટ અને જાહેર માહિતી અધિકારીની તદ્દન વિરુધ્ધ અને અન્યાયકર્તા છે.તેવી રજૂઆત કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ મુદ્દા નં.૨ માં પ્રત્યુત્તર આપેલ છે તે મુજબ પ્રમાણપત્ર તૈયાર થયેલ હોય તો નોંધણી ન હોવાની ચકાસણી બાબતની અરજદારની રજૂઆત વિરોધાભાસી છે. અત્રે એ પણ સૂચક છે કે બંને પક્ષકારો પૈકી એકેય ધ્વારા તા.૧૮–૧૨–૧૦ ની અરજીની નકલ અપીલમાં અત્રે માંગેલ છતાં રજૂ થયેલ નથી. (૪) ઉપર મુજબની અરજી કરેલી હવે અમને જન્મ દાખલો જોઈતો ન હોય આ પેટે અમારી પાસેથી વસુલ લેવામાં આવેલ બર્થ સર્ટીફીકેટના ફીના રૂા.૫/– અને લેમીનેશન ચાર્જના રૂા.૫/– મળી કુલ રૂા.૧૦/– (દસ) રીફંડ આપવા વિનંતી. આ રીફંડ અમોને કેટલા દિવસની સમય મર્યાદામાં મળી શકશે તેની માહિતી આપશો રોકડથી કે ચેકથી મળશે તે પણ જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જન્મ મરણ પ્રમાણપત્ર તૈયાર કરવામાં આવેલ હોય જે મેળવી લેવું રીફંડ મળી શકશે નહીં તેવું જણાવેલછે. જે બાબતે અરજદારે અપીલમાં કયા નિયમ હેઠળ રીંફડેબલ નથી તે જણાવેલ નથી. નાણા ભર્યા અંગેની રસીદ પર નોન રીફંડેબલ તેવી કોઈ નોંધ પણ જણાતી નથી. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ અરજદારને મુદ્દા નં.૧૪ માં આપેલી પૂરક માહિતીમાં અરજીના અનુસંધાને દાખલો તૈયાર કરવામાં આવેલ હોય રીફંડ મળી શકશે નહીં તેમજ અરજદારને અપીલ તબકકે પણ નોંધણી પ્રમાણપત્રની માંગણી બાદ જે જોઈતું નથી તેવી કોઈ અરજી કે પત્ર આપેલ છે કે કેમ? અને જો આપેલ હોય તો તેની નકલ રજૂ કરવા જણાવેલ છે. પરંતુ તે બાબતે અરજદારે અપીલ તબકકે કોઈ વિગતો પૂરી પાડેલ નથી. વધુમાં અરજદારને આપેલ નોંધ વિભાગમાં પણ મુદ્દા નં.૧૪ બાબતે સ્પષ્ટતા કરેલ છે ૮૧/૦૮ બજેટહેડ હેઠળ જમા થયેલ રીફંડ તરત પરત મળી શકે તેમ નથી તેવું જણાવેલ છે. આથી રીફંડ અંગેની માહિતી અરજદારને પૂરી પાડેલ છે. (૫) મારો જન્મ સુરત મહાનગરપાલિકામાં ન નોંધાયેલ હોય તો મને નોંધણી ન થઈ હોવા અંગેનું પ્રમાણપત્ર કયારે મળશે તે જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજીના અનુસંધાનમાં દાખલો તૈયાર કરવામાં આવેલ છે. જે મેળવી લેવું તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે અપીલમાં મુદ્દા ન.૫ માં ખાતામાં નોંધણી થયેલી ન હોવાની જાણ કરેલ તો ચાર ધકકા ખાધા પછી હવે દાખલો કેવી રીતે તૈયાર થયો અને મુદ્દા નં.૨ ના જવાબ અનુસાર નામ કેવી રીતે નોંધાય ગયું તેની માહિતી આપશો. તેવી રજૂઆત કરેલ છે. જે અરજદારની ફરીયાદ બાબતે સક્ષમ સત્તાને રજૂઆત કરવાની રહે. (૬) જન્મના ૩૨ વર્ષ પછી અરજદાર પાસેથી હોસ્પિટલનું કાર્ડ માંગવામાં આવે છે તે અંગેનું કારણ લોજીક જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્રમાણપત્ર આપતાં પહેલા ખરાઈ માટે જરૂરી પુરાવા માંગવામાં આવે છે. જે બાબતે અપીલમાં અરજદારે હોસ્પિટલનો કાર્ડ માંગવામાં આવેલ છે પરંતુ રજૂ કરેલ નથી તો જન્મનો દાખલો કેવી રીતે થયો તેની માહિતી. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ કાર્ડ માંગવાનું કારણ અંગે માહિતી પૂરી પાડેલ છે પરંતુ અરજદારે જન્મના દાખલા બાબતે અપીલ તબકકે પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. (૭) જન્મ પ્રમાણપત્રની અરજદાર માંગણી કરે તો તે આપવા સુરત મહાનગરપાલિકાએ કોઈ સમય મર્યાદામાં નકકી કરેલ છે કે કેમ? તે જણાવવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જન્મ પ્રમાણપત્રની અરજદાર માંગણી કરે તો તે આપવા સુરત મહાનગરપાલિકાએ કોઈ સમય મર્યાદા નકકી કરવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. પરંતુ આ બાબત નાગરિક અધિકાર પત્ર પૈકીની છે. અને સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં પણ આવે તેથી તે અંગે પુનઃ ચકાસી દફતરી હકીકત આપવાની રહે. (૮) મારી અરજી તારીખ પછીના સમયગાળામાં જનમ મરણ ખાતા તરફથી કોઈ પત્ર વ્યવહાર કરવામાં આવેલ છે કે કેમ? જો હોય તો નકલ આપશો અને ના હોય તો શા માટે? તે જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદાર જોડે અરજી પછીના સમયગાળામાં જન્મ મરણ ખાતા તરફથી કોઈ પત્ર વ્યવહાર કરવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. (૯) મારા પતિ નામે અબ્દુલકરીમ જન્મ તા.૧૫–૮–૧૯૬૬ (પંદર ઓગષ્ટ ઓગણીસો છાંસઠ) ની જન્મ નોંધણીમાં તેમની માતાનું નામ જણાવશો. નોંધણી નં.એચકયુ–૧૯૬૬ ૮૧૫૯ તા.૨–૯–૬૬ તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નોધણી નં. એચકયુ–૧૯૬૬ એન્ટ્રી નં.૮૧૫૯ તા.૨–૯–૬૬ માં રેકર્ડ તપાસતાં માતાના નામનો ઉલ્લેખ કરેલ નથી તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે અપીલમાં શું માતા કે પિતાના નામ વગર પણ બાળકની જન્મ નોંધણી થઈ શકે? તેની નિયમ સાથે માહિતી આપશો. અહીં અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદો પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. (૧૦) મુગલીસરા ખાતે જન્મ મરણ ખાતાની કેટલી ઓફિસો આવેલી છે તેની કામગીરીની વિગતો આપશો. જો એક ન હોય તો બધી ઓફિસોની સંકલિત એક ઓફિસ કેમ ન કરી શકાય તેના કારણોની માહિતી આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ વિગતો પૂરી પડાયેલ જણાતી નથી. (૧૧) હાલ જન્મ મરણ ખાતામાં સબરજીસ્ટ્રાટ તરીકે કયા અધિકારી ડયુટી કરે છે તેની વિગતવાર માહિતી આપશો જેથી કરીને જરૂર લાગે તો તેમને યોગ્ય રજૂઆત –ફરીયાદ કરી શકાય. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી શ્રી જે જે વરીયાવા ઈ.ચા. સબ રજીસ્ટ્રાર મધ્યસ્થ જન્મ–મરણ વિભાગ અને ચીફ સેનેટરી ઈન્સ્પેકટર સેન્ટ્રલઝોન. તેવું જણાવેલ છે. (૧૨) સુરત મહાનગરપાલિકાને ગુજરાત સરકાર તરફથી જન્મ મરણ અંગેના નિતિ નિયમ અંગે પરિપત્રો–ઠરાવોની જાણ કરવામાં આવે છે તે નોટીસ જાહેર ખબર કે સાઈનબોર્ડ પર તેની પ્રસિધ્ધિ થાય છે કે કેમ? તે જાહેર હિતમાં જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુરત મહાનગરપાલિકાને ગુજરાત સરકાર તરફથી જન્મ મરણ અંગેના નિતિ નિયમો અંગે પરિપત્રો ઠરાવોની જાણ કરવામાં આવે છે તેની સંપૂર્ણ માહિતી વેબસાઈટ પર મુકવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. (૧૩) જન્મ મરણ અંગેની નોંધણીઓ અને પેન્ડીંગ અરજીઓ, ફોર્મ માટે સબ રજીસ્ટ્રાર અને અન્ય અધિકારી ધ્વારા તેની સમીક્ષા –રીવ્યુ થાય છે કે કેમ? સુરત મહાનગરપાલિકામાં આવી કોઈ સીસ્ટમ નીતિ છે કે કેમ? તે જણાવવા વિનંતી છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જન્મ મરણ અંગેની નોંધણી અને પેન્ડીંગ અરજીઓ/ફોમ માટે સબ રજીસ્ટ્રાટ એ અન્ય અધિકારી ધ્વારા તેની સમીક્ષા કરવામાં આવે છે તેની સુરત મહાનગરપાલિકામાં સીસ્ટમ નીતિ અમલમાં છે. તેવું જણાવેલ છે. (૧૪) મારે રીફંડ માટે કયા કર્મચારીનો સંપર્ક કરવાનો રહેશે તેની માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથીઅરજીના અનુસંધાનમાં દાખલો તૈયાર કરવામાં આવેલ છે જે મેળવી લેવો રીફંડ મળી શકશે નહીં તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે મુદ્દા નં.૩,૪,૫ અને ૧૪ માંગેલી માહિતી સાથે કોઈ પણ પ્રકારે સુસંગત નથી. તેવી રજૂઆત કરેલ છે. જે બાબતે અરજદારે મુદ્દાઓમાં પ્રમાણપત્ર મેળવવાની અને રીફંડની માંગણી કરેલ છે. જે અંગે

જાહેર માહિતી અધિકારીએ જન્મ પ્રમાણપત્ર તૈયાર હોઈ દાખલો મેળવવા જણાવેલ છે. જયારે રીફંડ મળી શકે નહીં તેવું જણાવેલ છે. આથી આપવામાં આવેલી માહિતી સુસંગત છે તથા તે અંગે મુદ્દા નં.૧૪ માં નોંધ વિભાગમાં પૂરક માહિતીમાં બજેટહેડ નં.૮૧/૦૮માં તેવી જોગવાઈ નહીં હોવાનું પણ જણાવેલ છે.

અરજદારને અરજીના મુદ્દા નં.૧ થી ૧૪ પૈકી મુદ્દા નં.૧ કયા નિયમ મુજબ માહિતી આપી શકાય નહીં તે અંગે નિયમના કાયદાની જોગવાઈઓ જણાવેલ નથી જે અરજદારને આરટીઆઈ કાયદાના અપવાદ–ઈન્કાર ની જોગવાઈ સંદર્ભે જણાવવાની રહે. અન્યથા માહિતી પૂરી પાડવાની રહે. મુદ્દા નં.૩ અંશતઃ અંગે ચકાસણી કરનાર કર્મચારી અને તારીખ બાબતેની માહિતી જણાવેલ નથી. જેમાં જાહેર માહિતી અધિકારીએ ચકાસણીનો ઈન્કાર કે ના નો જવાબ નહીં પરંતુ પ્રમાણપત્ર તૈયાર હોવાનું જણાવેલ છે. જેથી તે અંગેની અરજદારની રજૂઆત ગ્રાહય રાખવા પાત્ર નથી. જયારે મુદ્દા નં.૧૦ ની માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. અરજદારેમુદ્દા નં.૯ માં મુળ અરજીથી અલાયદો અપીલ તબકકે પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. જયારે મુદ્દા નં.૫ બાબતે અરજદારની રજૂઆત ફરીયાદ બાબતેની રહેલ છે. અને એ પણ સૂચક છે કે જાહેર માહિતી અધિકારીએ ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ છે જયારે મુદ્દા નં.૭ દાખલો આપવાની સમય મર્યાદાની સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષાની માહિતી પૂરી પાડેલ નથી.

મુદ્દા નં.૧ અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા માંગવામાં આવેલી માહિતી નિયમ મુજબ આપી શકાય તેમ નથી. પરંતુ આરટીઆઈ કાયદાની કલમ–૮,૯ કે ૧૧ હેઠળના અપવાદ જણાવેલ નથી. આરટીઆઈ કાયદાની કલમ–૨૨ માં જોગવાઈ કરેલ છે કે વખતો વખત બીજા બધા કાયદામાં ગમે તે જોગવાઈ હોય તેમ છતાં કે ગોપનીયતા અધિનિયમ–૧૯૨૩ માં ગમે તે જોગવાઈ હોય તેમ છતાં આ કાયદાની જોગવાઈ અમલી રહેશે. સુરત મહાનગરપાલિકા ધ્વારા નાગરિક સુવિધાકેન્દ્ર ખાતે મુકવામાં આવેલ કિયોસ્ક મશીનમાં અરજદારે માંગેલ રેકર્ડ ઉપલબ્ધ છે અને નાગરિક સુવિધાકેન્દ્ર ખાતે મુલાકાતીઓ તેમાંથી આ માહિતી મેળવી પણ શકે છે. અરજદારે પ્રસ્તુત કેસમાં તા.૧૯–૧–૭૮ ના રોજ જન્મેલ બાળકોની સંખ્યા અને તેમના માતા પિતાના નામ, સરનામાં માંગેલ છે. કિયોસ્ક મશીનમાં આવા ત્રણ બાળકોની નોંધ થયેલ જોવા મળે છે. તે ધ્યાને લેતાં આ બાબત સુરત મહાનગરપાલિકાએ જાહેર સ્ત્રોત હેઠળ મુકયાનું માનવાને કારણ છે. જાહેર માહિતી અધિકારીએ અપીલ તબકકે ઈન્કાર માટેનું કોઈ કારણ જણાવેલ નથી અને ૧૯૭૮ નો રેકર્ડ ધ્યાને લેતાં હવે તે સમયે જન્મેલા બાળકો આજની તારીખે પુખ્ત વયના હોય તેમનો સમાવેશ મતદાર યાદીમાં પણ થયેલો હોઈ શકે છે જે સ્વયં જાહેર સ્ત્રોત હેઠળનો દસ્તાવેજ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૧–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી ફરીયાદ હકીકતમાં જણાવેલ મુદ્દા નં. ૧,૭ અને ૧૦ અંગે નહીં પૂરી પડાયેલી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે. જયારે મુદ્દા નં.૯ અંગે અરજદારે મુળ અરજીથી અપીલ તબકકે ઉપસ્થિત કરેલ પૂરક પ્રશ્ન અંગે આરટીઆઈ કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. અરજદારે મુદ્દા નં.૫ અંગે અપીલ તબકકે ફરીયાદને લગતી રજૂઆત બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૧

પ્રતિ,
(૧) ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો)અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકાર ....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી ફેમીદાબાનુ અબ્દુલ રસીદખાન સાબ્રીન,